| | | | | |
|---|---|---|---|---|
| GJAM010010962022 | દાખલ થયા તારીખ | ૨૧/૧૦/૨૦૨૨ | | |
| | નોંધણી તારીખ | ૨૧/૧૦/૨૦૨૨ | | |
| | ફેસલ તારીખ | ૧૨/૧૦/૨૦૨૩ | | |
| | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | ૨૩ | ૧૧ | ૦૦ |

**<u>-:: ફોર્મ : એ ::-</u>**

**<u>મે. અમરેલીનાં પાંચમાં અધિક સત્ર ન્યાયાધીશ તથા સ્પે. જજ (ઈલેકટ્રીસીટી) (શ્રી ડી. એસ. શ્રીવાસ્તવ) સાહેબશ્રીની કોર્ટમાં, અમરેલી.</u>**

**સ્પે. (ઈલે.) કેસ નં. ૭૫/૨૦૨૨**

આંક - ૨૩

(જી. યુ. વી. એન. એલ. પો. સ્ટે. ભાવનગર સેકન્ડ ગુ. ર. નં. ૯૦૨/૨૦૧૬, તારીખ ૧૮/૦૨/૨૦૧૬)

**<u>ફરીયાદી:-</u>**ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**<u>વિરૂધ્ધ</u>**

**<u>આરોપી :-</u>**નટુભાઈ નાનજીભાઈ સોલંકી,
ઉ. વ. ૪૫, ધંધો મજુરી,
રહે. ખીજડીયા, તા. બગસરા, જી. અમરેલી.

**ગુન્હો : <u>ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ - ૧૩૫ મુજબ.</u>**

.................................................................................................

**ફરીયાદપક્ષ ધી સ્ટેટ ઓફ ગુજરાત તરફેસ વિધ્વાન પી. પી. શ્રી જે. બી. રાજગોર.**
**આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એ. પી. સોલંકી**

.................................................................................................

## **– :: ફોર્મ : બી :: –**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૬/૦૨/૨૦૧૬ |
| એફ. આઈ. આઈ. ની તારીખ | ૧૮/૦૨/૨૦૧૬ |
| ચાર્જશીટની તારીખ | ૨૧/૧૦/૨૦૨૨ |
| ચાર્જ ઘડવાની તારીખ | ૧૭/૦૭/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૫/૦૮/૨૦૨૩ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે | ૧૨/૧૦/૨૦૨૩ |
| ચુકાદાની તારીખ | ૧૨/૧૦/૨૦૨૩ |
| સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો | –– |

## **– :: આરોપીની વિગતો :: –**

| **આરોપીનો દરજ્જો** | **આરોપીનુ નામ** | **ધરપકડની તારીખ** | **જામીન પર મુકત થાય તારીખ** | **ગુનાઓની વિગત** | **નિર્દોષ ઠરાવેલ કે દોષિત** | **થયેલ સજા** | **સી. આર. પી. સી. કલમ ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો** |
|---|---|---|---|---|---|---|---|
| એ૧ | નટુભાઈ નાનજીભાઈ સોલંકી | ૧૫/૦૮/૨૦૨૦ | ૧૫/૦૮/૨૦૨૦ | ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ – ૧૩૫ | નિર્દોષ | –– | –– |

## **– :: ફોર્મ : સી :: –**

### **ફરીયાદપક્ષના સાક્ષીઓની યાદી**

| **ફરીયાદપક્ષના સાહેદ નંબર** | **આંક** | **સાહેદનુ નામ** | **રીમાર્કસ** |
|---|---|---|---|
| 1. | ૧૧ | ભાવિકકુમાર જગદીશભાઈ વાછાણી | ફરીયાદી |
| 2. | ૧૯ | રીતેશભાઈ હરીવંદનભાઈ ઉપાધ્યાય | વિજ ચેકીંગ અધિ. |
| 3. | ૨૦ | શ્રી પાંચાભાઈ લાખાભાઈ દાફડા | ત. ક. અ. |

**ફરીયાદપક્ષના આંકે પડેલ દસ્તાવેજોની યાદી**

| અ. નં. | આંક | વર્ણન |
|---|---|---|
| 1. | ૧૨ | ફરીયાદી ભાવિકકુમાર જગદીશભાઇ વાછાણીનાંઓએ તા. ૧૬/૦૨/૨૦૧૬ નાં રોજ જી. યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશન ભાવનગરનાં પોલીસ ઈન્સ્પેકટરશ્રીને સંબોધીને વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ હેઠળ નોંધાયેલ વીજ ચોરીની એફ. આઈ. આર. નોંધવા બાબત કરેલ ફરીયાદ અરજી |
| 2. | ૧૩ | વીજ પુરવણી બીલની નોટીસ |
| 3. | ૧૪ | વીજ વપરાશ બીલ |
| 4. | ૧૫ | કેકયુલેશન સીટ |
| 5. | ૧૬ | વીજ જોડાણ તપાસણી અહેવાલ |
| 6. | ૧૭ | સ્થળ ઉપર કરેલ રોજકામ |
| 7. | ૧૮ | સ્થળ ઉપરની કબજે લીધેલ મુદામાલની વિગત દર્શાવતુ એનેક્ષર-૪ |
| 8. | ૨૧ | ડેપ્યુટ હુકમ |

## <u>- :: ચુકાદો :: -</u>

**(૧)** ફરીયાદપક્ષના કેસની વિગત ટુંકમાં એવી છે કે,આ કામનાં આરોપીનાઓ ફરિયાદી પી. જી. વી. સી. એલ. વીજ કંપનીનાં ગ્રાહક ન હોવા છતાં આરોપીએ તા. ૧૬/૦૨/૨૦૧૬ નાં રોજ કલાક ૦૭:૪૫ થી ૦૮:૦૦ વાગ્યાના સુમારે અમરેલી જિલ્લાના વડીયા તાલુકાનાં ખીજડીયા ગામે પોતાના ઘરવપરાશનાં હેતુ માટે વીજ લાઈનનાં પોલ પરથી ડાયરેકટ ગેરકાયદેસર સર્વિસ વાયર નાંખી વીજ જોડાણ લઈ ૦.૨૬૦ વોટ લોડ જોડી રૂા. ૨૪૬૬૫-૦૦ પૈસાની વીજ ચોરી કરી, પી. જી. વી. સી. એલ. કંપનીનાં અધિકારી/કર્મચારીઓની ચેકિંગ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કરેલ તે ગુનાનાં બનાવ બાબતે ફરિયાદી નાયબ ઈજનેર, પી. જી. વી. સી. એલ., કુકાવાવ સબ ડીવીજનનાંઓએ ભાવનગરનાં જી. યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશનમાં વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ હેઠળ નોંધાયેલ વીજ ચોરીની એફ. આઈ.

આર. નોંધવા બાબત લેખીત અરજી તારીખ ૧૬/૦૨/૨૦૧૬ નાં રોજ કરતાં ભાવનગરનાં જી. યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુ. ર. નં. ૯૦૨/૨૦૧૬ થી આરોપી વિરુધ્ધ વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવેલ અને સંબંધીત પોલીસ તપાસ અધિકારીએ સદરહું ગુનાની તપાસ કરી, આરોપીને સદરહું પોલીસ સ્ટેશનમાંથી જ જામીન ઉપર મુકત કરવામાં આવેલા અને ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા અમરેલીનાં મહે. ત્રીજા એડી. સેશન્સ જજ અને સ્પેશ્યલ જજ (ઈલેકટ્રીસીટી) કોર્ટમાં સ્પેશ્યલ (ઈલે.) કેસ નંબર ૭૫/૨૦૨૨ થી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનાં ગુનાનું પોલીસ તપાસનું ચાર્જશીટ કરેલુ. સદરહું ફોજદારી કેસ અમરેલીનાં મહે. ત્રીજા એડી. સેશન્સ જજ અને સ્પેશ્યલ જજ (ઈલેકટ્રીસીટી) કોર્ટમાં ચાર્જફ્રેમનાં તબકકે પેન્ડીંગ હતો તે દરમ્યાન ટ્રાન્સફર કરીનેઅત્રેની સ્પેશ્યલ કોર્ટને મોકલી આપવામાં આવેલ છે.

(૨) આ કામે આરોપી અત્રેની કોર્ટમાં હાજર થતાં તેઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં ચાર્જશીટનાં પેપર્સ મળેલ હોવાની ખાત્રી કર્યા બાદ**ક્રિમીનલ પ્રોસી. કોડની કલમ ૨૨૮(૧)(ખ)** અન્વયે આરોપી વિરૂધ્ધ **આંક – ૦૯** થી ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના ગુનાનુ તહોમતનામુ ફરમાવી આરોપીને વાંચી સંભળાવી સમજાવીને **ક્રિમીનલ પ્રોસી. કોડની કલમ ૨૨૮(૨)** અન્વયે અનુક્રમે **આંક – ૧૦ થી** આરોપીનું નિવેદન લેતાં આરોપીએ ગુનો ના કબુલ કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી તેમના કેસનાં સમર્થનમાં ઉપરોકત **ફોર્મ : સી** માં **ફરીયાદપક્ષના સાક્ષીઓની યાદી**માં જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે તેમજ **ફરીયાદપક્ષના આંકે પડેલ દસ્તાવેજોની યાદી**માં જણાવ્યા

મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૩.૧) ફરીયાદપક્ષ તરફથી ઉપરોકત જણાવ્યા મુજબનો પુરાવો રજુ થયા બાદ આંક – ૨૨ થી વિ. પી. પી. શ્રીએ કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. આથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૪)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો સ્વીકારવા મોટા ભાગે ઈન્કાર કરેલ છે તથા વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

**(૫)** આ કેસની આખરી દલીલોના તબકકે ફરિયાદી ધી સ્ટેટ ઓફ ગુજરાત તરફે વિ. પી. પી. શ્રી જે. બી. રાજગોર તથા આરોપી તરફે વિ. વ. શ્રી એ. પી. સોલંકીની મૌખિક દલીલો સાંભળેલ છે.

**(૬)** આ કામમાં આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :: મુદ્દાઓ :: –**

૧. શુ ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપી ફરિયાદી પી. જી. વી. સી. એલ. વીજ કંપનીનાં ગ્રાહક ન હોવા છતાં આરોપીએ તા. ૧૬/૦૨/૨૦૧૬ નાં રોજ કલાક ૦૭:૪૫ થી ૦૮:૦૦ વાગ્યાના સુમારે અમરેલી જિલ્લાના બગસરા તાલુકાનાં ખીજડીયા ગામે પોતાના ઘરવપરાશનાં હેતુ માટે વીજ લાઈનનાં પોલ પરથી ડાયરેકટ ગેરકાયદેસર સર્વિસ વાયર નાંખી વીજ જોડાણ લઈ ૦.૨૬૦ વોટ લોડ જોડી રૂા. ૨૪૬૬૫–૦૦ પૈસાની વીજ ચોરી કરી, પી. જી. વી. સી. એલ.

કંપનીનાં અધિકારી/કર્મચારીઓની ચેકિંગ દરમ્યાન પકડાઈ જઈ, આરોપીએ ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ – ૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું આખરી હુકમ થશે ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ : નકારમાં.**

**મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.**

**– :: કારણો ::–**

**મુદ્દા નં.૧ :–**

(૮) આ કામમા સૌપ્રથમ એ હકીકતની નોંધ લેવી જરૂરી છે કે, કાયદાથી પ્રસ્થાપિત કરવામા આવેલ સ્ધ્ધિાંતોને ધ્યાનમાં લેતા ફરીયાદપક્ષની અગત્યની ફરજ તથા જવાબદારી એ છે કે, આરોપી સામે મુકવામા આવેલ ગુન્હાઓ પુરવાર કરીને આરોપીને ગુનેગાર સાબીત કરવા માટે પુરતો અને વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરવો જોઈએ અને આવા પુરાવાથી વ્યાજબી શંકાથી પર નિશંપણે આરોપી સામેના તહોમતના ગુન્હા પુરવાર કરીને આરોપીને ગુનેગાર સાબીત કરવા જોઈએ.

(૯) આ કામમાં આરોપી વિરૂધ્ધ **ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની કલમ – ૧૩૫** મુજબના ગુનાનુ તહોમત છે. તેને ધ્યાનમાં રાખીને ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાનુ વિશ્લેષ કરવાનુ રહે છે.

(૧૦) આરોપી વિરુધ્ધના ઉપરોકત ગુનાના તહોમતને તથા તે તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષની ફરજ તથા જવાબદારીને ધ્યાનમા રાખીને આ કામમાં ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાઓનુ વિશ્લેષણ કરતાં ફરીયાદપક્ષે આંક – ૧૧ થી ફરીયાદી **ભાવિકકુમાર જગદીશભાઈ વાછાણી** ને સોંગદ ઉપર તપાસેલા

છે તેઓએ તેમની સરતપાસમાં એવુ જણાવેલ છે કે બનાવ સમયે તેઓ કુકાવાવ સબડીવીઝનમાં ના. ઈ. તરીકે ફરજ બજાવતા હતા. આ વખતે તેમના કાર્યક્ષેત્રના ગામ વડીયા તાલુકાના ખીજડીયા ગામે ચેકીંગ અધિ.શ્રી વી. કે. બોરીચા, ના. ઈ. તથા આર. એચ. ઉપાધ્યાય, ઈલે. આસી. નાએ તા. ૧૬/૦૨/૨૦૧૬ ના રોજ આરોપી નટુભાઈ નાનજીભાઈ સોલંકી, રહે. ખીજડીયા નાઓને ત્યાં વિજ ચેકીંગ કરવા ગયેલ ત્યારે આરોપી ૨૬૦ વોટની વિજ ચોરી કરતા પકડાયેલા અને તેઓએ સ્થળ ઉપર ચેકીંગસીટ તથા રોજકામ તથા એનેક્ષર-જ ભરી, ટવીન્સ વાયર આશરે ૧૫ મીટર પીળા કલરનો કબજે લીધેલો, તે અંગેના તમામ કાગળો તેમની સમક્ષ રજુ થતા તેઓએ કાગળોનો અભ્યાસ કર્યા બાદ તમો આરોપી સામે વીજ ચોરીનો ગુનો બનતો હોય તેઓએ તેમના આસીસ્ટન્ટ પાસે કોમ્પ્યુટરમાં વીજ ચોરીની ફરીયાદ તૈયાર કરી જી. યુ. વી. એન. એલ. પો. સ્ટે. ભાવનગરને લેખિત કોમ્પ્યુટરવાળી ફરીયાદ તેઓએ મોકલેલી. તેમને માર્ક ૬/૨ વાળી ફરીયાદ તથા માર્ક ૬/૩ વાળી પુરવણી બીલની નોટીસ તથા માર્ક ૬/૪ વાળુ પુરવણી બીલ તથા માર્ક ૬/૫ વાળુ કેલ્યુલેશન સીટ બતાવવામા આવે છે જે તમામ દસ્તાવેજો તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તેમા લખેલ હકીકત ખરી છે તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવતા જેને અનુક્રમે રજુ દાખલ આંક – ૧૨ થી આંક – ૧૫ આપવામાં આવેલ છે. તેમને માર્ક ૬/૬ વાળુ વિજ જોડાણ તપાસણી અહેવાલ તથા માર્ક ૬/૭ વાળુ સ્થળ ઉપરનુ રોજકામ તથા તથા માર્ક ૬/૮ એનેક્ષર-જ બતાવવામાં આવે છે જે તમામ દસ્તાવેજો તેમને ઓફીસમાંથી સોંપવામા આવેલ હતા અને જેના આધારે હાલની ફરીયાદ આપેલ હતી જેમાં વિજ ચેકીંગ અધિકારી તથા સ્ટાફની સહીઓ છે જે તેઓ ઓળખી બતાવતા જે તમામ દસ્તાવેજોને અનુક્રમે રજુ દાખલ આંક – ૧૬ થી આંક – ૧૮ આપવામાં આવેલ છે. આ તમામ કાગળો તેઓએ ફરીયાદ સાથે સામેલ રાખેલા તે જ છે જે ઓળખી બતાવે છે

**(૧૦.૧)** ફરીયાદીએ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં **એ હકીકતો ખરી હોવાનુ જણાવેલ છે કે** તેઓએ રેકર્ડ આધારે હાલની ફરીયાદ આપેલ છે. તેઓ વિજ

ચેકીંગ સમયે હાજર હતા નહી જેથી તે બાબતે કોઈ જાત માહિતી નથી. વિજ ચેકીંગવાળુ મકાન કોની માલીકી કે કબજાનુ હતુ તેનો કોઈ રેવન્યુ રેકર્ડનો આધારે તેઓએ આ કામે મેળવેલ નથી કે પોલીસને આપેલ નથી. હાલના કામે વિજ ચોરી કરવા માટે કહેવાતો પીળા કલરનો વાયર કબજે કરેલ છે તે પોલીસ સમક્ષ રજૂ કરેલ નથી. વિજ ચેકીંગમા જનાર અધિકારીઓ તેમના ખાતાના છે. કહેવાતી વિજચોરી કયા પોલ ઉપરથી કરવામા આવેલી તે ફરીયાદમાં જણાવેલ નથી.

**(૧૦.૨)** ફરીયાદીએ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં **એ હકીકતો ખરી નહી હોવાનુ જણાવેલ છે કે** કામગીરી બતાવવા માટે તેમના અધિકારીઓએ ખોટી રીતે વિજ ચોરીનો કેસ બનાવેલ અને તેના સમર્થનમાં તેઓએ હાલની આ ખોટી ફરીયાદ કરેલ છે.

**(૧૧)** ફરીયાદપક્ષે આંક – ૧૯ થી વિજ ચેકીંગ અધિકારીશ્રી **રીતેશભાઈ હરીવંદનભાઈ ઉપાધ્યાય**ને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, ગઈ તારીખ ૧૬/૦૨/૨૦૧૬ ના રોજ તેઓ ભાવનગર શહેર વિભાગ–૨, પી. જી. વી. સી. એલ. મા ઈલે. આસી. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓએ તથા તેમની સાથેના વી. કે. બોરીચા, ના. ઈ. ભાવનગર શહેર વિભાગ–૨, નાઓ વડી કચેરીની સુચના અન્વયે હળવા દબાણની વિજ લાઈનની ચેકીંગ કરવા તેઓ બગસરા તાલુકાના ખીજડીયા ગામે આરોપી નટુભાઈ નાનજીભાઈ સોલંકીના ઘરે વિજ ચેકીંગ કરવા ગયેલ ત્યારે આરોપી કંપનીના ગ્રાહક ન હોવા છતાં ૨૬૦ વોટનો વપરાશ બાજુમાંથી પસાર થતી વિજ થાંભલેથી લંગર નાંખી વિજચોરી કરતા પકડાયેલા અને તેઓએ પીળા કલરનો ૧૫ મીટર વાયર કબજે કરેલો અને સ્થળ ઉપર તેઓએ ચેકીંગસીટ ભરેલી અને આ વખતે આરોપી પોતે હાજર હતા અને તેઓની હાજરીમાં સ્થળ ઉપર રોજકામ કરી ચેકીંગ સીટ તૈયાર કરેલ અને આ રોજકામમાં ચેકીંગ સ્કવોર્ડના સભ્યોએ સહી કરેલી તેમજ આરોપીને સહી કરવાનુ કહેતા તેમણે સહી

કરવાની ના પાડેલી જેથી તે અંગેનો સાધનિક કાગળોમાં નોંધ કરેલી તેમને આંક – ૧૬ વાળુ વિજ જોડાણ તપાસણી અહેવાલ તથા આંક – ૧૭ વાળુ સ્થળ ઉપરનુ રોજકામ તથા આંક – ૧૮ એનેક્ષર–જ બતાવવામાં આવે છે જે તમામ દસ્તાવેજો તેમની હાજરીમાં તૈયાર કરેલ હતા તેમા તેઓની તથા તેમની સાથેના વી.કે. બોરીચાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે આ તમામ કાગળો સબડીવીજનના ના. ઈ. શ્રીને સોંપી આપેલા અને ત્યારબાદ તેમના તે વખતના ડે. ઈ. શ્રી બી. જે. વાછાણી સાહેબે જી. યુ. વી. એન. એલ. પો. સ્ટે. ભાવનગરમાં લેખિત ફરીયાદ આપેલી અને તેના આધારે પોલીસે તેમનું નિવેદન લીધેલુ.

**(૧૧.૧)** સદર સાહેદએ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં **એ હકીકતો ખરી હોવાનુ જણાવેલ છે,** કહેવાતા વિજચોરી વાળા મકાનની આજુબાજુમાં બીજા રહેણાંકના મકાનો આવેલા હતા અને તેમાં લોકો રહેતા હતા. તેઓ ચેકીંગમાં ગયા ત્યારે આજુબાજુના લોકો જોવા માટે ભેગા થઈ ગયેલા હતા. સ્થળ પરના પંચરોજકામમાં તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોની સહીઓ લીધેલ નથી. સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કહેવાતુ વિજ ચેકીંગ કરવામાં આવેલ નથી.વિજ ચેકીંગવાળુ મકાન કોની માલીકી કે કબજાનુ હતુ તેનો કોઈ રેવન્યુ રેકર્ડનો આધારે તેમણે આ કામે મેળવેલ નથી કે પોલીસને આપેલ નથી.હાલના કામે વીજ ચોરી કરવા માટે કહેવાતો જે પીળા કલરનો વાયર કબજે કરેલ તે તેઓએ પોલીસને આપેલ નથી. ફરીયાદી તેમના સહકર્મચારી છે.

**(૧૧.૨)** સદર સાહેદએ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં **એ હકીકતો ખરી નહી હોવાનુ જણાવેલ છે ,** ફરીયાદી તેમના સહકર્મચારી હોય જેથી તેને સમર્થન કરવા ખોટી જુબાની આપેલ છે.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક – ૨૦ થી ત. ક. અ. શ્રી **પાંચાભાઈ લાખાભાઈ દાફડા** ને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, તેઓ ગઈ તા. ૩૦/૦૬/૨૦૨૨ના રોજ પી. એસ. આઈ. તરીકે નિવૃત થયા તે અગાઉ તેઓ

અમરેલી જી. યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશનમાં એ. એસ. આઇ. તરીકે ફરજ બજાવતા હતા.જી. યુ. વી. એન. એલ. પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૯૦૨/૨૦૧૬ના આ કામની તપાસ પી. એસ. ઓ. તરફથી કે.બી. ગોહિલ એ. એસ. આઈ. શ્રીને સોંપેલી તેમને માર્ક ૬/૧ વાળો ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે જેમાં જેતે સમય ના પી. એસ. ઓ.ની સહી છે જે તેઓ ઓળખી બતાવતા જેને રજુ દાખલ આંક – ૨૧ આપવામાં આવેલ છે. ત્યારબાદ સદરહુ ગુનાની તપાસ તેમને સોંપતા તેઓ સંભાળી લીધેલી. સદર કામે તપાસના કાગળો સાથે ફરીયાદ તથા અન્ય જરૂરી દસ્તાવેજો સામેલ હતાં જેનો તેઓએ અભ્યાસ કરેલો તેમને તપાસના કાગળોમાં આંક – ૧૨ વાળી ફરીયાદ તથા ફરીયાદ સાથે વીજ ચોરીનું બીલનો ફોરવર્ડીગ પત્ર આંક –૧૩ તથા આંક – ૧૪ વાળુ વીજ ચોરીનું બીલ, તથા આંક – ૧૫ વાળુ કેલ્યુલેશન સીટ તથા આંક – ૧૬ થી વીજ તપાસણી અહેવાલ તથા આંક – ૧૭ વાળુ સ્થળ પરનુ રોજકામ, આંક – ૧૮ વાળુ એનેક્ષર – ૪ તેમને આ તપાસના કામે મળેલા સદર કામે સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા. સદરહુ દસ્તાવેજો નો અભ્યાસ કરતા આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય પુરાવો હોય આરોપીને અટક કરી જામીન મુકત કરેલા. આરોપી સામે પુરતો પુરાવો હોય તેઓએ નામદાર કોર્ટમાં ચાર્જસીટ કરેલ છે. આરોપીને જોયેથી ઓળખે છે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

**(૧૨.૧)** સદર સાહેદએ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં **એ હકીકતો ખરી હોવાનુ જણાવેલ છે,** કહેવાતા વીજચોરી વાળા મકાનની આજુબાજુમાં બીજા રહેણાંક મકાનો આવેલા હતા અને તેમા લોકો રહેતા હતા. બનાવ વાળી જગ્યાની માલીકી કે કબજાનો કોઈ આધાર તપાસના કામે મેળવેલ નથી. કહેવાતી વિજચોરીનો મુદ્દામાલ વાયર તેઓએ આ કામે કબજે કરેલ નથી કે ફરીયાદીએ તેમની સમક્ષ રજુ કરેલ નથી. આ કામે તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.

**(૧૨. ૨)** સદર સાહેદએ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં **એ હકીકતો ખરી નહી હોવાનુ જણાવેલ છે,** આ કામે પુરતો પુરાવો ન હોવા છતાં

તેઓએ આરોપી સામે ખોટુ ચાર્જશીટ કરેલ છે અને તેના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષે વિ. પી. પી. શ્રીએ એવી દલીલ કરેલ છે કે, હાલના કામે ફરીયાદપક્ષે વિજ કંપનીના અધિકારી એવા ફરીયાદી તથા રેઈડ સમયે હાજર એવા અધિકારીઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા પોતાની ફરીયાદ હકીકત તથા પોલીસ રુબરુના નિવેદનોને સંપૂર્ણ સમર્થન કરતી હકીકતો જણાવેલ છે અને તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. સદર ફરીયાદી તથા સાહેદોએ પોતાની ફરજના ભાગરુપ કરેલ કામગીરી મુજબ પુરાવો રજુ રાખેલ છે. તેઓને હાલના આરોપી સાથે કોઈ અણબનાવ કે રાગદ્રેશ હોય તેવી કોઈ હકીકત આરોપી તરફે રજુ રાખી શકેલ ન હોય, સદરહુ ફરીયાદી તથા સાહેદોના પુરાવાને નહી માનવા કોઈ કારણ નથી. ત્યારબાદ ત. ક. અ. શ્રીએ પણ પોતાની ફરજના ભાગરૂપ કરેલ કાર્યવાહીનું નિરૂપણ કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ નો વીજચોરીનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે. આવા ગુનાઓ દિન પ્ર:તિદિન વધતા જાય છે. આથી આવા ગુન્હાઓ આચરનારાઓને યોગ્ય નસીયત મળે તે સારુ આરોપીને ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ નાં ગુના માટે કસુરવાર ઠરાવી કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરવા અરજ કરેલ છે.

**(૧૪)** જયારે આરોપીનાં વિ. વ. શ્રીએ દલીલોમાં ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લેતાં ફરીયાદપક્ષનાં પુરાવામાં આવેલ કેટલીક ગંભીર ક્ષતિઓ પ્રત્યે અદાલતનું ધ્યાન દોરેલ છે. જેમાં મુખ્યત્વે જોતા હાલના કામે કહેવાતી રેડવાળી જગ્યાના હાલાના આરોપી માલીક કે કબજેદાર હોય તેવો કોઈ

આધાર પુરાવો ફરીયાદપક્ષ રજુ રાખી શકેલ નથી. હાલના કામે સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે તેમ હોવા છતાં કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી કે તેઓને ફરીયાદપક્ષે તપાસેલ પણ નથી. હાલના કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ કહેવાતી વિજચોરી કરવા માટે ઉપયોગમા લેવાયેલ વાયર કબજે કરેલ હોવા છતાં ફરીયાદીએ ત. ક. અ. શ્રીને રજુ કરેલ નથી કે ત. ક. અ. શ્રીએ પણ પંચનામાની વિગતે કબજે કરેલ નથી. આમ, સમગ્ર રેકર્ડ એક સાથે જોતા અનેક શંકાઓ ઉભી થાય છે અને ફરીયાદપક્ષ આરોપી વિરુઘ્ધનાં તહોમતનાં ગુનાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા રજુઆત કરેલ છે.

**(૧૫)** ઉપરોકત મુજબની વિ.વ.શ્રીની દલીલોની રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરતા અગાઉ સદર બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ એ.સી.આર. ૨૦૧૧(૨) ૧૧૭ ગુજ. પર પ્રસિઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત વિ. જયેન્દ્રસિંહ મોતીસિંહ ઝાલાનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો વિજ ચોરીના કેસમાં ટ્રાયલ કોર્ટના નિર્દોષ છુટકારાને પડકારવામાં આવેલ હતો જે હુકમ કાયમ રાખવામાં આવેલ અને ચુકાદાના પેરા નં.(૫) માં નીચે મુજબ નોંધેલ છે.

5. The investigating officer admitted in his cross examination that there were number of residential houses located in vicinity of the house where checking was done, however, statement of none of such residents residing nearby was recorded. He admitted that Panchnama of the place was not carried out, nor the Muddamal wires etc. were recovered in presence of Panchas and even Panchnama was never drawn to show any such recovery. He admitted that as per normal requirement, in the statement of consumer either signature of the consumer was obtained or, if it were thumb impression, signatures of two Panchas were

obtained. However, statement (Exh. 17) did not bear signature of accused nor the thumb impression of the person present was verified by any panch. He admitted that he did not investigate as to who was Ranjanben. He admitted, after seeing envelop of the notice (Exh.15) sent to the accused that it had returned undelivered with the postal endorsement that no person named therein had been staying at Mahelav.

5.1 Having due regard to the evidence discussed above, the prosecution case stands crippled not only with paucity of evidence, but can be said to have been crumbled by total dearth of evidence necessary to prove the offence. Firstly, neither Panchnama of the place/house where inspection was carried out was recorded nor was shown any recovery of wires/devices alleged to have been used for alleged theft of electricity and no recovery panchnama was done. Secondly, in statement of the occupant of house (Exh. 17), her thumb impression was not identified. Perusal of the Exh. 17 showed that there was only a thumb impression with words written just beside it that it was thumb impression ‘on behalf of Ranjanben’.Thus, on the very face, it was not shown to be the thumb impression of the person namely Ranjanben, who was stated to have given the statement (Exh. 17). Thirdly, the prosecution failed to show as to who was Ranjanben who was in occupation of house and posed as representative of the respondent. Fourthly, not only that respondent was not shown to be the owner of the house, but nature of his association or connection with the house at which raid was carried out was also not shown or established. Fifthly, the postal endorsement (Exh.15) suggested that in village Mahelav no person with respondent's name ‘Jayendrasinh Motisinh Zala’, had been staying.

5.2 It was on such set of facts and evidence, both oral and

documentary, that the trial court recorded acquittal. It is true that in cases of electricity theft, direct evidence to establish offence would rarely be available, and the investigation would be required to rest quite often mainly on circumstantial evidence. Therefore, while prosecuting for offences, such as for offence under Section 135 of the Act, competent authorities under the Act and prosecution have to conduct themselves with extra care and orientation. In present case, the investigation officer has not shown even recovery of wires/devices, which might have been used for extracting electricity. Though recovery of wire was mentioned in deposition of PW-2 and PW-3, that however, remained totally uncorroborated and unsupported.

5.3 From sequence of dates and events on record of the case it is seen that the process of lodging complaint by the competent authority under the Act, and the investigation thereafter, were tardy. The incident of the alleged theft and inspection by the checking squad was on 16.05.2006 and the complaint was forwarded after four months on **19.09.2006 F.I.R** was actually registered by the police as late as on 04.06.2007, which was after a gap of eleven months. Investigating officer recorded statement of the complainant on 14.08.2007 and thereafter statements of other witnesses were recorded.

5.4 The provision of Sec.135 of the Act, while fastening criminal liability for act of theft of electricity, starts with words ‘whoever, dishonestly’.The word ‘whoever’, as rightly held by this Court in Barot Vitthalbhai Damodardas v. Natwarbhai Umedbhai Patel (2009 (2) GLH 135) would mean ‘person who is involved in commission of offence’.Any person found to have committed theft of electricity, whether customer or not and whether owner or not of the house/premises where stolen electricity is used, stands covered within the ambit of this Section. Therefore, it

follows that a person in occupation of the premises/house wherefrom theft of electricity by any means is detected is also answerable and liable to be prosecuted and punished, and commission of offence may be established also against such person. However, in the present case, the complaint was registered against respondent only on the footing of information that he was owner of the house in question. The person who was in occupation of the house and whose statement was recorded by the checking squad, could have also been charged, but that was not done. Such disoriented or inapt investigation and prosecution cannot succeed in fulfilling the objective of discouraging theft of electricity which, the legislature in its wisdom, has made a serious and cognizable offence.

(૧૬) હવે ઉપરોકત ચુકાદામાં નોંધેલ તારણોને ધ્યાનમાં લઈ સદર કામે ફરીયાદપક્ષ તરફથી મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે તેને તથા પક્ષકારોનાં વિ. વ. શ્રીઓની રજુઆતને તથા આરોપી વિરુધ્ધનાં તહોમતનાં ગુનાનો કેસ નિ:શંકપણે સાબિત કરવાની ફરીયાદપક્ષની જવાબદારી છે તેને ધ્યાનમાં લેતાં ફરીયાદપક્ષનાં કેસમાં કેટલીક ગંભીર ક્ષતિઓ જણાઈ આવેલ છે. જે નીચે મુજબ છે.

(૧) આ કામે ફરીયાદપક્ષે આંક – ૧૧ થી ફરીયાદી તથા આંક – ૧૯ વિજ ચેકિંગ કરનાર અધિકારીને તપાસેલા છે. આ તમામ સાહેદો ફરીયાદી વીજ કંપનીનાં કર્મચારીઓ છે તથા ફરિયાદપક્ષનાં કેસ મુજબ બનાવવાળી જગ્યાં એટલે કે કહેવાતી વિજ ચોરી વાળી જગ્યાએ આરોપી નું ઘર આવેલ છે તેમ જણાવેલ છે, પરંતુ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે તે માટે જે જગ્યાએ કહેવાતી વીજ ચોરી થતી હતી તે મકાનની માલિકી કે તેનો કાયદેસરનો કબજો–ભોગવટો હાલના આરોપીનો જ હતો તે દર્શાવવા માટેનાં કોઈ દસ્તાવેજી આધાર પુરાવાઓ કબજે પણ કરેલ નથી કે તપાસ

દરમ્યાન મેળવેલ પણ નથી અને સદર હકીકત ફરીયાદી તથા ત. ક. અ. શ્રીએ પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે એકરાર પણ કરેલ છે, પરંતુ સમગ્ર રેકર્ડ જોતા તે કબજે કરીને રજુ નહીં કરવા માટે કોઈ યોગ્ય કે વ્યાજબી કારણ પણ ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવીને રજુ કરી શકેલ નથી. સદર હકીકત ફરીયાદપક્ષનાં કેસની સચ્ચાઈ બાબતે ગંભીર શંકા ઉત્પન્ન કરે છે.

(૨) વધુમાં ફરીયાદપક્ષે કહેવાતી રેડ સમયે હાજર એવા વિજ કંપનીના સાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો સમગ્રપણે જોવામા આવે તો તેઓ ફરીયાદી વીજ કંપનીના કર્મચારીઓ છે અને તેઓએ તેમની જુબાનીમાં વિજ ચેકીંગમાં ગયેલા ત્યારે હાલના આરોપીના ત્યાં ચેકિંગ કરતાં હાલના આરોપી વીજ કંપનીના ગ્રાહક ન હોવા છતાં વિજ ચોરી કરતા પકડાયેલા હોવાનું જણાવે છે તથા તેઓએ સ્થળ ઉપરથી વિજ ચોરી કરવા માટે વપરાયેલ વાયર કબજે કરેલ હોવાનું જણાવે છે, પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ પોલીસ તપાસ અધિકારીની સમગ્ર જુબાની તથા ઉલટ તપાસ વંચાણે લેતા કબુલ કરેલ છે કે કહેવાતી વિજચોરીનો મુદ્દામાલ વાયર તેઓએ આ કામે કબજે કરેલ નથી કે ફરીયાદીએ તેમની સમક્ષ રજુ કરેલ નથી. સદર હકિકત ધ્યાને લેતા હાલના કામે કહેવાતી વીજ ચોરી કરવા માટે ઉપયોગ લેવાયેલ વાયર પણ કબજે કરવામાં આવેલ નથી. આ હકીકત પણ ફરીયાદપક્ષનાં કેસની સચ્ચાઈ બાબતે ગંભીર શંકા ઉત્પન્ન કરે છે.

(૩) વધુમાં ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીઓ ને ધ્યાનમાં લેતાં ફરીયાદપક્ષે તપાસ કરનાર અધિકારી તરીકે પોલીસ અધિકારી છે. તે સિવાય ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદો વીજ કંપનીનાં કર્મચારીઓ છે તેઓએ પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે સ્વીકાર

કરેલ છે કે કહેવાતા રેઈડ વાળા મકાનની આજુબાજુ બીજા રહેણાંકના મકાનો હતા અને તેમાં લોકો વસવાટ કરતા હતા. તેઓ રેઈડમાં ગયા ત્યારે ત્યાં આજુબાજુ વાળા ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા. વધુમાં ત. ક. અધિકારીએ પણ પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ કરેલ છે કે આ કામે તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આમ હાલના કામે કહેવાતી રેડ કરવામા આવેલ ત્યાં આજુબાજુમા રહેણાંકના મકાનો હોવાનું અને તેમા લોકો વસવાટ કરતા હોવાનુ તથા રેડ સમયે ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલ હતા તે સંજોગોમા સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે તેમ હોવા છતાં ફરીયાદપક્ષે તેવા કોઈપણ સ્વતંત્ર સાહેદાના નિવેદનો લીધેલ નથી તથા આવા સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો નહીં લેવા માટે કોઈ વ્યાજબી કારણ કે ખુલાસો પણ ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવીને રજુ કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષનાં કેસને કોઈ પણ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી.

(૪) વધુમાં હાલના કામે સમગ્ર રેકર્ડ જોતા બનાવવાળી જગ્યાનુ કોઈ પંચનામુ પણ કરવામા આવેલ નથી કે તેવા કોઈ પણ પંચ સાહેદોને ફરીયાદપક્ષે સાહેદ તરીકે પણ તપાસેલ ન હોવાનુ જણાઈ આવે છે જે બાબત પણ ફરીયાદપક્ષના કેસ પ્રત્યે ગંભીર શંકા ઉત્પન્ન કરે છે.

(૫) વધુમાં ફરીયાદપક્ષે આંક – ૧૬ વાળુ ચેકીંગસીટ તથા ચોરીનું પુરવણી બીલ તથા આંક – ૧૭ થી સ્થળ ઉપરનું રોજકામ રજુ કરેલ છે. તેમાં ફરીયાદી વીજ કંપનીનાં કર્મચારી/અધિકારીઓની ફકત સહી છે પરંતુ હાલના કામે રજુ થયેલ વીજ જોડાણ તપાસણી અહેવાલ કે સ્થળ ઉપરનાં રોજકામમાં પણ અન્ય કોઈ સ્વતંત્ર વ્યકિતઓ કે પંચસાહેદોની પણ સહી લેવામાં આવેલ નથી. આમ, આ સદરહુ દસ્તાવેજો કોઈ પણ સ્વતંત્ર સાહેદો કે પંચસાહેદોની હાજરીમાં તૈયાર કરવામાં આવેલ હોય તેવું પણ જણાતું નથી. આથી આ હકીકતે પણ આ

કામે રજુ થયેલ દસ્તવોજોમાં જણાવેલ વિગતોની સચ્ચાઈ બાબતે ગંભીર શંકા ઉત્પન્ન થાય છે.

(૬) વધુમાં વીજ અધિનિયમ, ૨૦૦૩ ની કલમ–૧૩૫(૨) ની જોગવાઈ ને ધ્યાનમાં લેતાં રાજય સરકારે આ અર્થે અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી આ કલમમાં જણાવ્યા મુજબની જગ્યામાં પ્રવેશ તથા તપાસ તથા તોડીને ખોલી શકે અને જડતી લઈ શકે તથા સાધનો અથવા વસ્તુઓ જપ્ત કરી કબજે લઈ શકે અને દુર કરી શકે તથા હિસાબનાં ચોપડા અથવા દસ્તાવેજ તપાસ શકે અને કબજે કરી શકે તથા કલમ–૧૩૫ (૩) માં જણાવ્યા મુજબ જડતીનાં સ્થળનો ભોગવટેદાર અથવા તેના વતી કોઈ પણ વ્યકિત હાજર રહેવી જોઈએ અને આવી જડતી દરમ્યાન કબજે લીધેલી તમામ વસ્તુઓની યાદી અથવા ભોગવટેદાર આવી વ્યકિતને તૈયાર કરી આપવી પડે અને તેમાં સહી કરવી પડે, પરંતુ હાલનાં મારી સમક્ષનાં કેસમાં કહેવાતા વીજ ચોરીનાં બનાવનાં સ્થળે જડતી તપાસ કરવાની કાર્યવાહી કરનાર વીજ કંપનીનાં કર્મચારી/ અધિકારીઓને તેમ કરવા માટે રાજય સરકાર અગર ઉપરી અધિકારી ધ્વારા અધિકૃત કરવામાં આવેલ છે કે કેમ ? તે દર્શાવતો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો પણ ફરીયાદપક્ષ તરફથી રેકર્ડ ઉપર લાવીને રજુ કરવામાં આવેલ નથી.

(૧૭) આમ, ઉપરોકત જણાવેલ તમામ સંજોગોને તથા હકીકતોને તથા વિગતવાર કારણોને તથા આ કેસનાં રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું વિશ્લેષણ અને મુલ્યાંકન કરતાં તેમજ ફરીયાદપક્ષનાં વિ. વ. શ્રીઓની દલીલોને ધ્યાનમાં લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનાં તહોમતનામામાં જણાવ્યા મુજબના ગુનાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે અને ફરીયાદપક્ષનાં આરોપી વિરુધ્ધનાં કેસમાં ઘણી ગંભીર ક્ષતિ ઓ અને ત્રુટીઓ ફરીયાદપક્ષે રહેલી હોવાનું જણાય છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ

તેની સચ્ચાઈ બાબતે ગંભીર શંકા ઉત્પન્ન કરે છે. તે સંજોગોમાં આરોપીને તેમની વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામામાં જણાવ્યા મુજબનાં ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવો યોગ્ય અને ન્યાયનાં હિતમાં હોવાનું મને જણાય છે. આથી **મુદ્દા નં.૧** નો મારો નિર્ણય હું **નકારમાં** આપું છું.

**//<u>આખરી હુકમ</u> //**

**૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૫(૧) અન્વયે **આરોપી નટુભાઈ નાનજીભાઈ સોલંકી** ને ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ – ૧૩૫ મુજબનાં ગુનામાંથી શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** આરોપીનાં અગાઉ આપેલ જામીનખત તથા બોન્ડ રદ કરવામાં આવે છે. પરંતુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭–એ ની જોગવાઈ મુજબ આ કામમાં અપીલ થાય તો એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીને રૂા. ૭,૦૦૦/– (અંકે રૂપિયા સાત હજાર પુરા) નાં જાતજામીન સહ તેટલી જ રકમનાં સધ્ધર સ્વતંત્ર જામીન આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૨ મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ– ૧૨/૧૦/૨૦૨૩
સ્થળ – અમરેલી.

**(ધર્મેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ)**
પાંચમાં એડીશ્નલ સેશન્સ જજ
તથા સ્પે. જજ (ઈલેકટ્રીસીટી), અમરેલી.
કોડ નં. જીજે૦૦૮૧૯